<u>હિંમતનગરના મહે.ચોથા એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં ,મુ.હિંમતનગર.</u>

ફોજદારી કેસ નંબર:– ૫૯૩૬ / ૨૦૨૩
આંક:– ૭

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુઘ્ઘ

આરોપી: મંગાભાઈ પુંજાભાઈ રાવળ

ગુનો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની **<u>કલમ–૬૫ એ એ</u>** મુજબ.

<u>:: ચુકાદો ::</u>

૧. સદર કામનુ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીઘુ. હાલના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની **<u>કલમ–૬૫ એ એ</u>** હેઠળનો ગુનો આચરેલ હોય તે અંગે ફરીયાદી દવારા ઘોરણસરની ફરીયાદ દાખલ કરેલ અને ત્યારબાદ આરોપી સામે પુરતો પુરાવો જણાતાં આરોપી સામે હાલનુ ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતાં અત્રેની અદાલત દવારા આરોપી સામે સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરેલ અને આરોપીને યોગ્ય રીતે બજવણી થઈ જતાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.આરોપી સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન હાજર થયેલ છે.

૨. ઉપરોકત ગુના અંગે આરોપીએ તેનો ગુનો કબુલ કરી ગુના અંગે લેખિત કબુલાત પુરસીસ આપી જણાવે છે કે આ તેમનો પ્રથમ ગુનો છે. ગુના બદલ તેઓને ઘણો જ પસ્તાવો છે તેથી ભવિષ્યમાં આવો ગુનો નહી બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી છોડી મુકવા અરજ કરેલ છે.

૩. આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુના કબુલાત પુરસીસ સ્વૈચ્છિક હોઈ તે નોંધી,પરંતુ આરોપીની કબુલાત તેમની વિરુઘ્ઘનો પુરાવો ગણાશે તેથી સ્પષ્ટ સમજ

આરોપીને આપવામાં આવેલ છે.તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરે છે તેવી કોર્ટે ખાત્રી કરેલ છે.

૪. વધુમાં સદરહુ કેસમાં મુદામાલ જથ્થાને ધ્યાને લઈએ તો સદરહુ કેસ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ **કલમ–૬૫ એ એ** હેઠળનો ગુનો બને છે. તેમજ આરોપી કોઈ ગુનાહીત ભુતકાળ ધરાવતા નથી અને તેઓનો પ્રથમ ગુનો હોઈ આરોપી જયારે સ્વેરછાએ ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલ તમામ હકીકતો તથા પરિસ્થિતિઓને ધ્યાને લઈ તેમજ ગુજરાત રાજય વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર(૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતાં પણ ઓછી સજા કરી ઓછો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે.ઉપરોકત સંજોગોને ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૪૧ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની **કલમ–૬૫ એ એ** ના ગુના સબબ તકસીરવાન ઠરાવી રૂપિયા ૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલનો અપીલ સમય વીત્યેથી નિયમોનુસાર નિકાલ કરવો.

હુકમ આજરોજ તારીખ ૦૯ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

સ્થળ:–હિંમતનગર

(ઉત્પલકુમાર ડી. જાંબુ)
ચોથા એડી. જ્યુડી.મેજી.ફ.ક.
હિંમતનગર
જજ કોડ નં.જી.જે.૦૧૪૬૩